ગાંધીનગર સમાચાર

યુદ્ધગ્રસ્ત યમનમાંથી ભારતે ૪૧ દેશના લોકોને ખસેડ્યા

નવીદિલ્હી,તા.૧૦

વિદેશી બાબતોના રાજ્યપ્રધાન વીકે સિંહે આજે કહ્યું હતું કે, ભારતે વિમાનમાંથી લોકોને ખસેડવાની પ્રક્રિયા પુરી કરી લીધી છે. ભારતીય સંસ્થાઓએ જે રીતે કામગીરી અદા કરી છે તેનાથી ઘણા મિત્રો પ્રભાવિત થયા છે. ૪૧ દેશોના લોકોને ભારતે બચાવી લીધા છે. ભારતે ૪૧ દેશોના ૧૦૦૦ નાગરિકોને પણ ખસેડી લીધા છે. દેશ માટે આ ગર્વની બાબત છે. વીકે સિંહે આજે કહ્યું હતું કે, એર ઈન્ડિયાની કેટલીક ફ્લાઈટો એક સાથે રાખવામાં આવી હતી. યમનના પાટનગરથી આ ફ્લાઈટો

સતત ઉંડાણ ભરી રહી હતી. બોંબ બ્લાસ્ટનો સિલસિલો હજુ ચાલી રહ્યો છે પરંતુ ભારતીય લોકો અને અન્ય દેશોના લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. ૪૬૦૦ ભારતીયોની સાથે બ્રિટન, ફ્રાંસ અને અમેરિકાના નાગરિકોને પણ બચાવી લેવાયા છે. ભારતીય સંસ્થાઓએ હવે આ કામગીરી પુરી કરી લીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુદ્ધગ્રસ્ત યમનમાંથી ૪૬૦૦ ભારતીયોને ખસેડી લેવામાં આવ્યા છે. આની સાથે જ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી નાગરિકોને વિમાની મારફતે ખસેડવાની પ્રક્રિયાને પુરી કરી લેવામાં આવી છે. હાલમાં ફસાયેલા લોકોને ખસેડવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચાલી રહી હતી. સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય દૂતાવાસમાં યમનમાં ૫૦૦૦ ભારતીયો નોંધાયેલા છે જેપૈકી ૪૬૦૦ને ખસેડી લેવાયા છે. હાલમાં યુદ્ધગ્રસ્ત યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટેનુ ઓપરેશન યુદ્ધના ધોરણે ચાલી રહ્યું હતુ. ૨૨મી જાન્યુઆરી બાદથી યમનમાં લડાઈ જારી છે. સાઉદી દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી હતી. વડાપ્રધાન મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી પાસેથી મદદની માંગ કરી હતી.

એપલ દ્વારા સાન ફ્રાન્સિસ્કો ખાતે એપલ વોચનું મોડેલ રજુ કરવામાં આવ્યું હતું. બહુચર્ચિત આ એપલ વોચનું પ્રિ-ઓર્ડર બુકીંગ કંપની દ્વારા શુક્રવારથી પ્રારંભ કરી દેવામાં આવ્યું છે.

૮૪ વર્ષીય રિચી બેનોડનુ સિડનીમાં નિધન

જાણીતા ક્રિકેટ કોમેન્ટેટર રિચી બેનોડનુ નિધન

સિડની,તા. ૧૦

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન અને જાણીતા કોમેન્ટેટર રિચી

બેનોડનુ આજે સવારે નિધન થયું હતુ. તેઓ ૮૪ વર્ષના હતા. નવેમ્બર બાદથી તેઓ સ્કીન કેન્સર માટે રેડિએશન સારવાર લઈ રહ્યા હતા. રિચી બેનોડે વર્ષ ૧૯૫૨થી ૧૯૬૪ વચ્ચેના ગાળામાં પોતાની ટીમ તરફથી ૬૪ ટેસ્ટ મેચ રમી હતી. આ ઓલરાઉન્ડર ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૨૦૦૦ રન અને ૨૦૦ વિકેટની સિદ્ધી મેળવનાર પ્રથમ ખેલાડી હતી. તેમની બીજી એક વિશેષતા પણ એ હતી કે બેનોડના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાએ એક પણ ટેસ્ટ શ્રેણી ગુમાવી ન હતી. તેમને એક ખેલાડીની સાથે સાથે મહાન ક્રિકેટ કોમેન્ટેટર તરીકે વધારે યાદ કરવામાં આવશે. હકીકતમાં ડોન બ્રેડમેન બાદ રીચી બેનોડ કરતા વધારે લોકપ્રિય કોઈ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર થયો નથી. વર્ષ ૧૯૮૫માં રીચી બેનોડ સ્પોર્ટસ ઓસ્ટ્રેલિયા હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૯માં તેમનો સમાવેશ આઈસીસી ક્રિકેટ હોલ ઓફ ફેમમાં કરવામાં આવ્યો હતો. રિચી બેનોડે કુલ ક્રિકેટ પર આધારિત ૧૪ પુસ્તક પણ લખ્યા હતા. રીચી બેનોડે ટેસ્ટ ક્રિકેટમાં ૨૨૦૧ રન કર્યા હતા. તેમની સરેરાશ ૨૪ રનથી વધારે રહી હતી. ટેસ્ટ ક્રિકેટમાં બેનોડે ત્રણ સદી પણ ફટકારી હતી અને નવ અડધી સદી ફટકારી હતી. બેનોડે ૨૪૮ વિકેટો પૅણ ઝડપી હતી. તેઓ મૂળભૂત રીતે બોલર તરીકે હતા પરંતુ બેટિંગમાં પણ ઉપયોગી સાબિત થયા હતા. રિચી બેનોડ ૧૯૬૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયાની સર્વોચ્ચ સ્તર ઉપર લઈ જવામાં તેમની ભૂમિકા હતી. ૧૯૫૮માં રિચી બેનોડ ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ કેપ્ટન બન્યા હતા અને ૧૯૬૪માં નિવૃત્તિ લીધી ત્યા સુધી ઓસ્ટ્રેલિયાના કેપ્ટન તરીકે હતા.

એસિડ હુમલાના શિકાર લોકોને તરત જ મફત સારવારનો હુકમ

નવીદિલ્હી, તા. ૧૦

સુપ્રીમ કોર્ટે આજે વધુ એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો જેના ભાગરુપે સુપ્રીમ કોર્ટે એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને તરત અને મફત સારવાર આપવા દેશભરની ખાનગી હોસ્પિટલોને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે ખાનગી હોસ્પિટલોને સારવાર વેળા યોગ્ય સર્જરી કરવા માટે પણ કહ્યું છે. ખાનગી હોસ્પિટલોને અન્ય કેટલીક સુચનાઓ પણ આપવામાં આવી છે. એસિડ હુમલાનો શિકાર તેઓ થઈ ચુક્યા છે તે અંગેની માહિતી આપે તેવા આવા લોકોને પ્રમાણપત્ર આપવા પણ ખાનગી હોસ્પિટલને કહેવામાં આવ્યું છે. આ પ્રમાણપત્ર એ પ્રથમ હોસ્પિટલ આપશે જેમાં એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને સૌથી પહેલા લઈ જવામાં આવશે. ભાવિ લાભ મેળવવા માટે આ પ્રથા ઉપયોગી થઈ શકે છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, સરકારોએ એસિડ હુમલાના શિકાર થયેલા લોકોને તરત ત્રણ લાખ રૂપિયાની નાણાંકીય મદદ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટ દ્વારા આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે કેન્દ્ર સરકારે હાલમાં જ સુપ્રીમમાં દલીલ કરતા કહ્યું હતું કે, ખાનગી હોસ્પિટલો એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને માત્ર સારવાર આપવા માટે જ બંધાયેલી નથી બલ્કે મફત સારવાર આપવા માટે પણ બંધાયેલી છે. સરકારે કોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને મફત સારવાર અથવા તો પ્રાથમિક સારવાર આપવાનો ઈન્કાર કરનાર હોસ્પિટલોને દંડ કરવામાં આવે તે જરૂરી છે. સરકારે કોર્ટમાં ધારદાર દલીલો કરી હતી. કેન્દ્ર સરકારે ગયા મહિનામાં જ એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને સમયસર સારવાર આપવાની સાથે સાથે ઝડપથી વળતરની ચુકવણી કરવા ખાતરી કરવા તમામ રાજ્યોને કહ્યું હતું. વર્ષ ૨૦૧૪માં એસિડ હુમલાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો હતો. એસિડ હુમલાના બનાવ કેટલાક એવા બન્યા હતા જેના કારણે દેશ હચમચી ઉઠ્યું હતું.

હાઈસ્પીડ રેલવે લિંક માઉન્ટ એવરેસ્ટથી પસાર થશે

તિબેટ અને નેપાલ વચ્ચે હાઈ સ્પીડ રેલ દોડાવાશે

નવીદિલ્હી,તા. ૧૦

ચીન સરકાર હવે તિબેટ અને નેપાલ વચ્ચે હાઈ સ્પીડ રેલવે ટ્રેન શરૂ કરવાની યોજના ધરાવે છે. ચીન સરકારે પ્રાથમિક કામગીરી શરૂ કરી દીધી છે. સુરંગના મારફતે બનનાર આ લિન્ક માઉન્ટ એવરેસ્ટથી થઈને પસાર થશે. ચીનની આ યોજના ભારત સહિતના પાડોસી દેશોની ચિંતાને વધારી શકે છે. ચીન પ્રભાવ જમાવવા માટે આ નિતી અપનાવી રહ્યું છે. ચીનની સુરંગ બનાવવાની યોજના પ્રથમ વખત સપાટી પર આવી છે. ચીન પહેલા જ પોતાની કિંગહાઈ-લ્હાસા રેલવે લાઈનને નેપાલની સરહદ સુધી સુરંગ વગર વધારી દેવાના પાસા પર વિચારણા કરી ચુક્યું છે. એક ચીની અખબારે માહિતી આપતા કહ્યું છે કે કિંગહાઈ-લ્હાસા રેલવેને નેપાલ સુધી વધારી દેવાની યોજનાથી બન્ને દેશો વચ્ચે વેપાર અને પ્રવાસને પ્રોત્સાહન મળશે. હાલમાં બન્ને દેશોને જોડે તેવી કોઈ રેલવે લાઈન નથી. રેલવે નિષ્ણાંતોએ કહ્યું છે કે આ લિન્ક કોમોલાંગમા મારફતે પસાર થાય તો વર્કરોને વધારે લાંબી સુરંગ ખોદવાની જરૂર પડશે નહી.

સુત્રોએ કહ્યું છે કે આ યોજનાનો હેતુ એક નાનકડો રસ્તો બનાવીને નેપાલમાં મોટા પાયે ફેલાયેલા ભારતીય બજાર સુધી પહોંચવાનો છે. ભારત સરકાર દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જો કે કેન્દ્રમાં રહેલી મોદી સરકાર ચીનની ગતિવિધી પર નજર રાખી રહી છે. હાલમાં ચીને નેપાળને જંગી મદદ પણ પુરી પાડી છે. રેલવે લિંક માઉન્ટ એવરેસ્ટથી લઈને પસાર થશે. ગયા વર્ષે ઓગસ્ટ સુધી ચીને લ્હાસા લાઈનને તિબેટના બીજા મોટા શહેર શિગાજે સુધી ફેલાવી હતી. ૨૫૩ કિલોમીટર લાંબી આ લાઈન નેપાળ સરહદ નજીક છે. હિમાલયની ટોચ ઉપર થનાર અસાધારણ ફેરફારના લીધે ટ્રેનોની ગતિ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. નેપાળ રેલ પ્રોજેક્ટને ૨૦૨૦ સુધી પૂર્ણ કરાશે. રેલવે નિષ્ણાતોનું માનવું છે કે, ભારત પણ આ દિશામાં આગળ વધી શકે છે. ચીને નેપાળને અપાતી ૨૪ મિલિયન ડોલરની મદદને હાલમાં ૧૨૮ મિલિયન ડોલર કરી છે.

સુપ્રીમ કોર્ટમાં ૬૪૯૧૯ કેસો પેન્ડિંગ છે

દેશભરમાં ૩ કરોડથી પણ વધુ કેસો હજુ પણ પેન્ડિંગ

નવીદિલ્હી, તા. ૧૦

દેશમાં ત્રણ કરોડથી પણ વધુ કેસો હાલમાં પેન્ડિંગ રહેલા છે. દેશમાં આવેલી જુદી જુદી અદાલતોમાં પેન્ડિંગ રહેલા ત્રણ કરોડથી પણ વધુ કેસ અંગે ચિંતા વ્યક્ત કરીને ભારતના ચીફ જસ્ટિસ એચએલ દત્તુએ પાંચ વર્ષ અથવા તો તેનાથી વધુ વર્ષથી પેન્ડિંગ રહેલા કેસોનો ઝડપી નિકાલ લાવવા તમામ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને અપીલ કરી છે. સુપ્રીમ કોર્ટના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સીજેઆઈ દ્વારા હાઈકોર્ટના ચીફ જસ્ટિસને પત્ર લખીને પાંચ વર્ષથી જુના કેસોનો ઝડપથી ઉકેલ લાવવા સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટ પાસે રહેલા આંકડા મુજબ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલા કેસોની સંખ્યા ૬૪૯૧૯ જેટલી છે. પહેલી ડિસેમ્બર ૨૦૧૪ સુધીના આંકડા આ મુજબની બાબત સાબિત કરે છે જ્યારે ૨૪ હાઈકોર્ટ અને નિચલી અદાલતમાં ૨૦૧૩ના પુરા થયેલા વર્ષ સુધીના ગાળામાં પેન્ડિંગ રહેલા કેસોની સંખ્યા ક્રમશઃ ૪૪.૫ લાખ અને ૨.૬ કરોડની આસપાસ છે. આવી જ રીતે દેશની ૨૪ હાઈકોર્ટમાં ૨૪ લાખ કેસો પેન્ડિંગ રહેલા છે જેપૈકી ૩૪૩૨૪૯૩ કેસ સિવિલના છે અને ૧૦૨૩૭૩૯ ક્રિમિનલ કેસો છે. અલ્હાબાદ હાઈકોર્ટમાં સિવિલ અને ક્રિમિનલ કેસોની સંખ્યા સૌથી વધારે ૧૦૪૩૩૯૮ જેટલી છે જ્યારે સિક્કમમાં પેન્ડિંગ કેસોની સંખ્યા માત્ર ૧૨૦ છે. દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ૬૪૬૫૨ કેસોની છે. નીચલી અદાલતમાં પેન્ડિંગ રહેલા ૨.૬ કરોડ કેસો પૈકી ઉત્તરપ્રદેશ સબ ઓર્ડિનેટમાં ૫૬ લાખ કેસો છે જ્યારે ક્રિમિનલ મામલાઓની સંખ્યા ૪૧૯૮૭૬૧ છે. દિલ્હી ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં પેન્ડિંગ રહેલા કેસોની સંખ્યા ૫૨૨૧૬૭ જેટલી છે જેમાં ક્રિમિનલ કેસોની સંખ્યા ૩૮૧૬૧૫ જેટલી નોંધાઈ છે. મોટી સંખ્યામાં કોર્ટ કેસ પેન્ડિંગ હોવાને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. કેસોના ઝડપી ઉકેલની માંગ વારંવાર થઈ છે.

લખવી આખરે જેલમાંથી મુક્ત

ઈસ્લામાબાદ,તા. ૧૦

પાકિસ્તાનની જેલમાં ઘણા સમયથી હવા ખાઈ રહેલા મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીને આજે પાકિસ્તાનની અદીલા જેલમાંથી છોડી મુકવામાં આવ્યો હતો. રાવલપિંડીમાં સ્થિત અદીલા જેલમાંથી તેને મુક્ત કરવામાં આવ્યો હતો. ગઈકાલે જ લાહોર હાઈકોર્ટે તેને અટકાયતમાં રાખવાના આદેશને સસ્પેન્ડ કરીને તેની તાત્કાલિક મુક્તિનો આદેશ કર્યો હતો. લાહોર હાઈકોર્ટે ગઈકાલે આદેશ કર્યા બાદ લખવીને જેલમાંથી છોડી મુકવાની પ્રક્રિયા આજે હાથ ધરાઈ હતી. રાવલપિંડીની જેલમાં તે સામાન્ય કેદી ન હતો બલ્કે તમામ સુવિધા ભોગવી રહ્યો હતો. તેને જેલમાં વીઆઈપી જેવી સુવિધા પુરી પાડવામાં આવી હતી. તેની પાસે જેલમાં ત્રણ જુદા જુદા પ્રકારના ફોન પણ હતા. જેલમાંથી તે અન્યો સાથે વાતચીત કરતો હતો. ગઈકાલે લાહોર હાઈકોર્ટે મેઈન્ટાનન્સ ઓફ પબ્લિક ઓર્ડર હેઠળ લખવીને અટકાયતમાં રાખવાના આદેશને સસ્પેન્ડ કરી દીધો હતો. કારણ કે સરકાર તોઈબાના ત્રાસવાદી અને કમાન્ડરના સંવેદનશીલ રેકોર્ડ રજૂ કરવામાં નિષ્ફળ ગઈ હતી. લાહોર હાઈકોર્ટના જસ્ટિસ મોહમ્મદ અનવરઉલ હક દ્વારા અપાયો હતો. અગાઉ તેઓએ પંજાબ સરકારને ગુપ્ત દસ્તાવેજોમાં રેકોર્ડ તૈયાર કરવા પાકિસ્તાન સરકારને કહ્યું હતું. જો કે, કોર્ટમાં આજે ન હતા. જજે ગઈકાલે

તેની મુક્તિ માટે એક-એક મિલિયનના બે સ્યોરિટી બોંડ રજૂ કરવા લખવીને કહ્યું હતું. લખવીએ ૧૪મી માર્ચના આદેશને પડકાર ફેંક્યો હતો. પ્રતિબંધત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના લીડર લખવી વર્ષ ૨૦૦૯ બાદથી જેલમાં હતો. તે રાવલપિંડીની જેલમાં હતો. ઈસ્લામાબાદ હાઈકોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેને કેટલીક શરતો સાથે મુક્ત કર્યો હતો. પરંતુ તેને થોડાક કલાકોના ગાળા બાદ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. નવા આદેશ જારી કરાયા બાદ તેની મુક્તિ શક્ય બની છે. લખવીની મુંબઈ હુમલામાં સંડોવણી અંગે ભારત સરકારે કેટલીક વખત પુરાવા આપ્યા હતા. જો કે પાકિસ્તાને દલીલ કરી છે કે પુરાવા અપુરતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં ત્રાસવાદી હુમલો થયો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિનું નુકસાન થયું હતું. લખવી એવા સાત લોકોમાં સામેલ છે જેના ઉપર મુંબઈ હુમલાને લઈને પાકિસ્તાનમાં કેસ ચાલી રહ્યો છે.

નહેરુ સરકારે સુભાષચંદ્રના પરિવારની જાસુસી કરાવી હતી

નવીદિલ્હી,તા. ૧૦

નેતાજી સુભાષચંદ્ર બોઝના રહસ્યમય લાપત્તા થવાના મામલામાં આજે નવો વળાંક આવ્યો હતો. કારણ કે હવે એવું જાણવા મળ્યું છે કે, જવાહરલાલ નહેરુ સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝના સગાસંબંધીઓ ઉપર નજર રાખી હતી. સુભાષચંદ્ર બોઝના પરિવારની જાસુસી કરવામાં આવી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ હાલમાં જ બે બિનવર્ગીકૃત ઈન્ટેલીજન્સ બ્યુરોની ફાઈલો હાથ લાગી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૯૪૮થી ૧૯૬૮ વચ્ચેના ગાળામાં જાસુસી કરવામાં આવી હતી. રસપ્રદ બાબત એ છે કે, ૧૯૪૭થી વડાપ્રધાન તરીકે જવાહરલાલ નહેરુ હતા. ૧૯૬૪ સુધી સત્તામાં રહ્યા હતા. અહેવાલ સીધીરીતે નહેરુને આપવામાં આવતા હતા. તપાસ સંસ્થાએ બોઝ પરિવારના સભ્યો દ્વારા લખવામાં આવેલા પત્રો પણ પકડી પાડ્યા હતા અને આની માહિતી મેળવી હતી.

આંબેડકરની નવી વિગતો હવે સંઘ દ્વારા જાહેર થશે

નવીદિલ્હી, તા. ૧૦

ભારતીય બંધારણ તૈયાર કરનાર અને દલિત આઈકોન બનેલા બીઆર આંબેડકરે પણ ઘરવાપસી અથવા તો ધર્માંતરણને ટેકો આપ્યો હતો તેવો દાવો આરએસએસે કરીને નવી ચર્ચા જગાવી છે. સંઘના મુખપત્ર ઓર્ગેનાઈઝર એન્ડ પંચજન્યમાં જણાવવામાં આવ્યું છે કે, આંબેડકરની કેટલીક બાબતોથી સામાન્ય લોકો વાકેફ નથી પરંતુ આંબેડકરે ઘરવાપસી અથવા ધર્માંતરણને ટેકો આપ્યો હતો. સંઘે કહ્યું છે કે, મંગળવારના દિવસે આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે ઓછી જાણિતી બાબતો જારી કરવામાં આવી છે. ૨૦૦ પાનાના બમ્પર ઈશ્યુમાં ઘણી બધી બાબતો જારી કરવામાં આવનાર છે.

આંબેડકર અંગે આ ઈશ્યુંમાં તમામ બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે. આંબેડકરે ઈસ્લામિક આક્રમકતા સામે વાત કરી હોવાનો દાવો પણ કરાયો છે. પ્રથમ વખત આરએસએસ દ્વારા આંબેડકરનો ઉપયોગ હવે કરવામાં આવી રહ્યો છે. ભારતના સૌથી મહાન નેતાઓમાં સ્થાન ધરાવનાર આંબેડકરનો ઉપયોગ કરીને એવા પ્રશ્નો કરવામાં આવી રહ્યા છે. સંઘના આ સૂચન સામે વાંધો ઉઠાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આરએસએસ પ્રકાશકો હવે આ ઈસ્યુને ચગાવવા તૈયારી કરી ચુક્યા છે. આંબેડકરને રાષ્ટ્રવાદી તરીકે જાહેર કરનાર ખાસ એડિશનમાં ઘણા નેતાઓના નિવેદન પણ છે. આ પુસ્તકમાં સંઘ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી સુરેશ જોશીની બાબતોનો ઉલ્લેખ હશે. સુરેશ જોશી આ પુસ્તકનું વિમોચન કરશે. પાકિસ્તાનના સંદર્ભમાં આંબેડકરના મતંવ્યો શું હતા તેના ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે સંઘ દ્વારા આક્રમક કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. દેશભરમાં તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવનાર છે.

આઈપીએલ : આજે ચેન્નાઈ અને હૈદરાબાદ વચ્ચે જંગ

ચેન્નાઈ,તા. ૧૦

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં આવતીકાલે ચેન્નાઈ સુપર કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચે જંગ ખેલાનાર છે. આ મેચને લઈને ચેન્નાઈમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં પ્રથમ મેચમાં ચેન્નાઈએ દિલ્હી ડેરડેવિલ્સ પર શાનદાર જીત મેળવી હતી.જેથી ધોનીની ટીમ તેની સતત બીજી જીત મેળવી લેવા માટે તૈયાર છે. જ્યારે બીજી બાજુ હૈદરાબાદની ટીમ પણ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ડેવિડ વોર્નરના નેતૃત્વમાં આ ટીમમાં કેટલાક આંતરરાષ્ટ્રીય ખેલાડી રહેલા છે. જેમાં ડેલ સ્ટેઈન, કેન વિલિયમસન અને મોર્ગનનો સમાવેશ થાય છે. બોલ્ટ જેવો બોલર પણ તેની પાસે છે. બન્ને ટીમમાં કેટલાક સ્ટાર ખેલાડી રહેલા છે. જે ધરખમ દેખાવ કરવા તૈયાર છે. જો કે તમામ ચાહકોની નજર મેચમાં ડેવિડ વોર્નર, મોર્ગન અને સ્ટેઈન પર કેન્દ્રિત રહેશે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન કુલ ૬૦ ટવેન્ટી-૨૦ મેચો રમાનાર છે. આ વખતે વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાની ટીમના અને રનર્સ અપ રહેલી ન્યુઝીલેન્ડની ટીમના પણ સ્ટાર ખેલાડી જોવા મળનાર છે.

મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. મેચને લઈને પુણેમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે.મેચ ખુબ રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. ચાહકો ખુબ ઉત્સુક છે.તાજેતરમાં વર્લ્ડ કપની પુર્ણાહુતિ થઈ છે. હવે આઈપીએલ-૮ની શરૂઆત થઈ છે. આમાં તમામ દેશોના તમામ સ્ટાર ખેલાડી રમી રહ્યા છે. આઈપીએલની મેચોમાં છગ્ગા ચોગ્ગાની જોરદાર રમઝટ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચેન્નાઈએ દિલ્હી સામે પ્રથમ મેચમાં જ જોરદાર રોમાંચતા બાદ શાનદાર જીત મેળવી હતી. આ વખતની આઈપીએલ મેચો પણ વધુ રોમાંચક બને તેવી શક્યતા છે. કારણ કે ખેલાડીઓ વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે. મેદાનની આસપાસ મજબુત સુરક્ષા રહેશે.

કોલકત્તા અને બેંગલોર વચ્ચે આજે અતિ રોમાંચક મેચ

કોલકત્તા,તા. ૧૦

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે અતિ રોમાંચક મેચમાં રોયલ્સ ચેલેન્જર્સ બેંગલોર અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે જંગ ખેલાશે.



આ મેચમાં ચાહકોને મજા પડી જાય તેવી શક્યતા છે. કારણ કે વિશ્વના સૌથી ધરખમ આક્રમક બેટ્સમેન આ મેચમાં રમી રહ્યા છે. જેમાં વિરાટ કોહલી, ક્રિસ ગેઈલ અને ડિવિલિયર્સનો સમાવેશ થાય છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં બેંગલોરની ટીમ હોટફેવરીટ દેખાઈ રહી છે. પરંતુ કોલકત્તા નાઈટ રાઈડર્સના ખેલાડી ફોર્મમાં ચાલી રહ્યા છે. સાથે સાથે તેમની પ્રથમ મેચ જીતી પણ ચુક્યા છે. ગૌતમ ગંભીરની સામે ક્રિસ ગેઈલ અને ડિવિલિયર્સ મોટા પડકારરૂપ બની શકે છે. આ બન્નેએ હાલમાં વર્લ્ડ કપ દરમિયાન જોરદારબેટિંગ કરી હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન કુલ ૬૦ ટવેન્ટી-૨૦ મેચો રમાનાર છે. આ વખતે વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાની ટીમના અને રનર્સ અપ રહેલી ન્યુઝીલેન્ડની ટીમના પણ સ્ટાર ખેલાડી જોવા મળનાર છે. મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. મેચને લઈને પુણેમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે.મેચ ખુબ રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. આઈપીએલની મેચોમાં છગ્ગા ચોગ્ગાની જોરદાર રમઝટ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે.

અપ્રમાણ સંપત્તિ કેસમાં મુશ્કેલીમાં

ઉત્તરપ્રદેશ : ભૂતપૂર્વ મંત્રી મિશ્રાની અરજી ફગાવાઈ

નવીદિલ્હી, તા. ૧૦

ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ પ્રધાન રંગનાથ મિશ્રાને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમની સામે દાખલ કરવામાં આવેલી અપ્રમાણ સંપત્તિ કેસમાં કાર્યવાહીને રદ કરવાની માંગણીને ફગાવી દીધી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મિશ્રા સામે મનિલોન્ડરિંગ કેસ દાખલ કરાયો છે. સ્ટેટ વિજિલન્સ યુનિટ દ્વારા આ કેસ દાખલ કરાયો છે.

લોકાયુક્તના તારણોની પણ નોંધ લેવામાં આવી છે. ૨૦૧૧માં તત્કાલિકના ઉત્તરપ્રદેશના પ્રધાન માયાવતીએ માધ્યમિક શિક્ષણ પ્રધાન મિશ્રાને સસ્પેન્ડ કરી દીધા હતા. કારણ કે તેઓ આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના મામલામાં અપરાધી જાહેર થયા હતા. ગયા વર્ષે અખિલેશ યાદવ સરકારે ચાર્જશીટ દાખલ કરવા અને ખટલો ચલાવવાની વિજિલન્સ યુનિટને પરવાનગી આપી દીધી હતી. તપાસમાં દાવો કરાયો હતો કે, ૧૩મી મે ૨૦૦૭ અને ૫મી ઓક્ટોબર ૨૦૧૧ વચ્ચેના ગાળામાં તેમની વાસ્તવિક આવક ૧.૫૭ કરોડ હતી પરંતુ તેઓએ ૭.૬૧ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કર્યો હતો જેના પરિણામ સ્વરુપે રંગનાથ મિશ્રા મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને તેમની નોંધ લેવાઈ હતી. મામલો કોર્ટમાં પહોંચતા હજુ પણ તેઓ કાયદાકીય ગૂંચનો સામનો કરી રહ્યા છે.

સમાચાર ઝલક

- ગુજરાતમાં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ એક વર્ષ સુધી દબદબાપૂર્વક યોજાશે.
- જેતપુરના લાલ પાણીને કરોડોના ખર્ચે શુદ્ધ કરીને ખેતીની જમીનને પીયત આપવાનું શરૂ.
- રાજકોટને યુપીએસસી પરીક્ષાનું કેન્દ્ર ફાળવતી કેન્દ્ર સરકાર.
- રાજયની તમામ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ એક વૃક્ષ ઉછેરવું પડશે.
- રિલાયન્સના શ્રી અનિલભાઈ અંબાણી ૨૦ હજાર કરોડના ખર્ચે ગુજરાતમાં ડિફેન્સ પાર્ક બનાવશે.
- સૂરત નજીક ઈચ્છાપાર ગામે ઓએનજીસીની ગેસ લાઈનમાં ભીષણ આગ. કરોડોનું નુકસાન.
- અમદાવાદમાં ૧ લાખ જૈન શ્રાવકોની હાજરીમાં તા. ૩૧મી મે એ દીક્ષા મહોત્સવ યોજાશે.
- જાણીતા લેખિકા શોભા ડેના નિવાસ સામે શિવસેનાનો દેખાવ.
- જોધપુર રાષ્ટ્રીય વિશ્વ વિદ્યાલયે ૨૫ હજારને નકલી ડીગ્રીઓ આપી દીધી.
- બેવડી ઋતુના લીધે વૃક્ષોમાં જંગલી ઈયળોનું આક્રમણ.